<u>GUJARAT BILL NO. 28 OF 2026.</u>

THE GUJARAT GOODS AND SERVICES TAX (AMENDMENT) BILL, 2026.

A BILL

further to amend the Gujarat Goods and Services Tax Act, 2017.

<u>સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૮.</u>

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે:

પરંતુ આ અધિનિયમની જુદી જુદી જોગવાઇઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૫-નો સુધારો.

૨. ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૫-માં, પેટા-કલમ (૩)માં, ‘‘પુરવઠાના મૂલ્યમાં કોઈ વળતરનો સમાવેશ થશે નહિ, કે જે- ’’ એ શબ્દો અને અક્ષરો કમી કરવા અને ખંડ (ખ) બદલે, નીચેનો ખંડ મૂકવો:-

‘‘(ખ) પુરવઠો મોકલવામાં આવ્યો હોય તે પછી, આવા વળતર માટે, પુરવઠાકાર દ્વારા જમા નોંધ કાઢી આપવામાં આવી હોય અને કલમ ૩૪ની જોગવાઇઓ અનુસાર આવા વળતરના કારણે

હોય તે મુજબ પુરવઠો પ્રાપ્ત કરનાર દ્વારા ઇનપુટ વેરા શાખ ઉલટાવવામાં આવી હોય, તો

પુરવઠાના મૂલ્યમાં કોઈ વળતરનો સમાવેશ થશે નહિ. ”.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૩૪નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૪માં, પેટા-કલમ (૧)માં, “તે બંને ઓછા હોવાનું જણાય ત્યારે” એ શબ્દો પછી, “અથવા કલમ ૧૫ ની પેટા-કલમ (૩)ના ખંડ (ખ) માં ઉલ્લેખેલું વળતર આપવામાં આવે, ત્યારે” એ શબ્દો, કૌંસ, અક્ષરો અને આંકડા દાખલ કરવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૫૪નો સુધારો.

૪. મૂળ અધિનિયમમાં, કલમ ૫૪માં,-

(ક) પેટા-કલમ (૬)માં, “માલ અથવા સેવા અથવા બંનેના શૂન્ય-દરના પુરવઠાને કારણે” એ શબ્દોને બદલે, “માલ અને સેવા અથવા બંનેના શૂન્ય-દરના પુરવઠાના અથવા પેટા-કલમ (૩)ના પ્રથમ પરંતુકના ખંડ (૨) હેઠળ પરવાનગી આપેલી વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના કારણે” એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા;

(ખ) પેટા-કલમ (૧૪)માં, “પેટા-કલમ (૫) અથવા પેટા-કલમ (૬)” એ શબ્દો, કૌંસ અને આંકડા પહેલા, “વેરાની ચુકવણી સાથે ભારતની બહાર નિકાસ કરેલા માલના લીધે વેરાના રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય, ત્યારે તે સિવાય,” એ શબ્દો અને અક્ષર દાખલ કરવા.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત સરકારે, માલ અથવા સેવાઓ અથવા તે બંનેના રાજ્યાંતર્ગત (રાજ્યની અંદર) પુરવઠા પર વેરો લેવા અને તેની વસૂલાત કરવા માટેની જોગવાઇ કરવાના ઉદ્દેશથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અધિનિયમિત કર્યો હતો.

માલ અને સેવા વેરા કાઉન્સિલ દ્વારા તેની ૫૬મી બેઠકમાં, માલ અને સેવા વેરા કાયદામાં સુધારા કરવા ફરમાવતા જુદા-જુદા નિર્ણયો લેવામાં આવ્યા છે. તદનુસાર, સંસદ દ્વારા નાણા અધિનિયમ, ૨૦૨૬ (સન ૨૦૨૬ના ૪થા)થી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭નો ૧૨ મો) અને સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭નો ૧૩મો) સુધારવામાં આવ્યો છે. માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોનો શક્ય હોય ત્યાં સુધી, અમલ કરવાના ઉદ્દેશથી અને કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અને ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની જોગવાઈઓ લાગુ પાડવામાં એકરૂપતા જળવાય તે માટે, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭નો ગુજરાતના ૨૫-મો) સુધારવાનું જરૂરી જણાયું છે. આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ સુધારવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક અગત્યની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે:-

કલમ ૧.- આ કલમથી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨.- આ કલમથી, ખાસ કરીને, સંબંધિત ભરતિયાથી સંકળાયેલા કરાર સાથે, વેચાણ પછીના વળતર સાથેની સંકળાયેલી જરૂરિયાત દૂર કરવા અને (પુરવઠો) પ્રાપ્ત કરનાર દ્વારા ઈનપુટ વેરા શાખ ઉલટાવવામાં આવી હોય, ત્યારે કલમ ૩૪ હેઠળ જમા નોંધ કાઢી આપવાના સંબંધમાં, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૫ ની પેટા-કલમ (૩) સુધારવા ધાર્યું છે.

કલમ ૩.- આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૩૪ સુધારવા ધાર્યું છે કે જેથી કરીને પુરવઠા પછીના વળતર માટે જમા નોંધ કાઢી આપવા સદરહુ કલમમાં કલમ ૧૫ ની પેટા-કલમ (૩)ના ખંડ (ખ) હેઠળ ઉલ્લેખેલા વળતરના સંદર્ભને સમાવિષ્ટ કરી શકાય.

કલમ ૪.- આ કલમથી, ઈન્વર્ટેડ શુલ્ક માળખા (ડ્યુટી સ્ટ્રકચર)માંથી ઊભા થતા રિફંડ સુધી કામચલાઉ રિફંડની જોગવાઈઓ લાગુ પાડવા ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫૪ની પેટા-કલમ (૬) સુધારવા ધાર્યું છે.

તેનાથી વેરાની ચુકવણી સાથે ભારતની બહાર નિકાસ કરેલા માલના કિસ્સામાં, રિફંડના દાવા માટેની અધિકતમ મર્યાદા દૂર કરવા માટેની જોગવાઈ કરવા ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫૪ની પેટા-કલમ (૧૪) વધુ સુધારવા ધાર્યું છે.

કનુભાઈ દેસાઈ,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે -

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે. તેનાથી, રાજ્ય સરકારને, આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરવાની પણ સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૬. **કનુભાઈ દેસાઈ.**

પુરવણી

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭

(સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫ મા) માંથી ઉતારા.

---

૧૫. (૧) અને (૨) XXX XXX XXX વેરાપાત્ર પુરવઠાનું મૂલ્ય (કિંમત).

(૩) પુરવઠાના મૂલ્યમાં કોઇ વળતરનો સમાવેશ થશે નહિ, કે જે-

(ક) XXX XXX XXX

(ખ) (૧) આવો પુરવઠો આપતી વખતે અથવા તે પહેલાં કરેલ કોઇ કરારની બોલીમાં આવું વળતર નક્કી કરવામાં આવ્યું હોય અને અને ખાસ કરીને તે સંબંધિત ભરતિયા સાથે સંકળાયેલું હોય; તો અને

(૨) પુરવઠાકારે કાઢી આપેલા દસ્તાવેજના આધારે વળતરના કારણે હોય તે મુજબ પુરવઠો પ્રાપ્ત કરનાર દ્વારા ઇનપુટ વેરા શાખ, ઉલટાવવામાં આવી હોય; તો

પુરવઠો મોકલવામાં આવ્યો હોય તે પછી આપવામાં આવેલા તેવા કોઇ (વળતર) ડિસ્કાઉન્ટનો સમાવેશ થશે નહિ.

(૪) અને (૫) XXX XXX XXX

૩૪. (૧) કોઇ માલ અથવા સેવાઓ અથવા તે બન્નેના પુરવઠા માટે એક અથવા વધારે વેરા ભરતિયાં કાઢી આપ્યા હોય તે વેરા ભરતિયામાંની વેરાપાત્ર કિંમત અથવા તેમાં ચાર્જ કરેલો વેરો, આવા પુરવઠાના સંબંધમાં ભરવાપાત્ર વેરાપાત્ર કિંમત અથવા તેમાં ચાર્જ કરેલા વેરાથી વધુ હોવાનું જણાય ત્યારે અથવા પૂરો પાડેલો માલનો પુરવઠો, લેનાર દ્વારા પરત કરવામાં આવે ત્યારે અથવા પૂરો પાડેલો માલ અથવા સેવા અથવા તે બન્ને ઓછા હોવાનું જણાય ત્યારે, આવો માલ અથવા સેવા અથવા તે બન્ને પૂરા પાડ્યા હોય તેવી કોઇ રજિસ્ટર થયેલી વ્યક્તિ, લેનારને ઠરાવવામાં આવે તેવી વિગતો સમાવેશ કરતી નાણાકીય વર્ષમાં કરેલા પુરવઠા માટે એક અથવા વધારે જમા નોંધો કાઢી આપી શકશે. જમા નોંધ અને ઉધાર નોંધ.

(૨) થી (૪) XXX XXX XXX

વેરાનું રિફંડ.

૫૪. (૧) થી (૫) XXX XXX XXX

(૬) પેટા-કલમ (૫)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, યોગ્ય અધિકારી, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના તેવા વર્ગ સિવાયની બીજી રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ કરેલા માલ અથવા સેવા અથવા તે બન્નેના શૂન્ય-દરના પુરવઠાને કારણે રિફંડ માટેના કોઇ દાવાના કિસ્સામાં, કામચલાઉ આધાર પર ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોએ, મર્યાદાઓ અને સલામતીને અધીન રહીને, પ્રસંગોપાત સ્વીકારેલી ઇનપુટ વેરા શાખની રકમને બાકાત કરીને, તેવી રીતે દાવો કરેલા કુલ રકમની નેવું ટકા રકમ રિફંડ કરી શકશે અને ત્યારપછી અરજદારે રજૂ કરેલા દસ્તાવેજોની યોગ્ય ખરાઇ કર્યા પછી, દાવો કરેલા રિફંડની આખરી પતાવટ માટે પેટા-કલમ (૫) હેઠળ હુકમ કરી શકશે.

(૭) થી (૧૩) XXX XXX XXX

(૧૪) આ કલમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રકમ એક હજાર રૂપિયાથી ઓછી હોય, તો પેટા-કલમ (૫) અથવા પેટા-કલમ (૬) હેઠળ કોઇ રિફંડ અરજદારને ચૂકવવું જોઇશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે,-

(૧) “રિફંડ” એ શબ્દમાં, શૂન્ય-દરના માલ અથવા સેવા અથવા તે બન્નેના ઉપર અથવા આવા શૂન્ય-દરના પુરવઠા બનાવવામાં વપરાયેલી ઇનપુટ અથવા ઇનપુટ સેવા ઉપર ચૂકવેલા વેરાનું રિફંડ અથવા માની લીધેલી નિકાસ તરીકે ગણેલા માલના પુરવઠા પરના વેરાના રિફંડ અથવા પેટા-કલમ (૩) હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડનો સમાવેશ થાય છે.

(૨) “સંબંધિત તારીખ” એટલે-

(ક) ભારતની બહાર મોકલેલા (આયાત કરેલા) માલના કિસ્સામાં, ચૂકવેલા વેરાનું રિફંડ, તેવા તેમના માલ અથવા યથાપ્રસંગ, તેવા માલમાં વપરાયેલી ઇનપુટ અથવા ઇનપુટ સેવાઓના સંબંધમાં ઉપલભ્ય હોય ત્યારે,-

(૧) માલને સમુદ્ર અથવા હવાઇ માર્ગે નિકાસ કરવામાં આવે, તો જેમાં આવો માલ ભરવામાં આવ્યો હોય તે વહાણ અથવા વિમાન જે તારીખે ભારત છોડીને જાય તે તારીખ; અથવા

(૨) માલને જમીનમાર્ગે નિકાસ કરવામાં આવે તો, જે તારીખે આવો માલ સરહદના વિસ્તારને ઓળંગી જાય તે તારીખ; અથવા

(૩) માલને ટપાલથી નિકાસ કરવામાં આવે તો, ભારત બહારના સ્થળે સંબંધિત પોસ્ટ ઓફિસ દ્વારા માલની રવાનગી કર્યાની તારીખ;

(ખ) માની લીધેલી નિકાસ તરીકે ગણેલા માલના પુરવઠાના કિસ્સામાં, ચૂકવેલા વેરાનું રિફંડ તે માલના સંબંધમાં ઉપલભ્ય હોય ત્યારે, જે તારીખે તેવી માની લીધેલી નિકાસ સંબંધી પત્રક રજૂ કરવામાં આવે તે તારીખ;

(ગ) ભારતની બહાર નિકાસ કરેલી સેવાઓના કિસ્સામાં, ચૂકવેલા વેરાનું રિફંડ, પોતાની સેવા અથવા યથાપ્રસંગ, તેવી સેવાઓમાં વપરાયેલા ઇનપુટ અથવા ઇનપુટ સેવાઓના સંબંધમાં ઉપલભ્ય હોય ત્યારે,

(૧) સેવાઓનો પુરવઠો તેવી ચુકવણી મળ્યાં પહેલાં પૂરો થયો હોય ત્યારે, વિનિમયપાત્ર વિદેશી હૂંડિયામણ અથવા ભારતીય રિઝર્વ બેંક દ્વારા પરવાનગી આપવામાં આવેલ હોય, ત્યારે ભારતીય રૂપિયામાં ચુકવણી મળ્યાની તારીખ; અથવા

(૨) સેવાઓ માટેની ચુકવણી, ભરતિયું આપ્યાની તારીખ પહેલાં અગાઉથી મેળવેલી હોય ત્યારે, ભરતિયું આપ્યાની તારીખ;

(ઘ) અપીલ સત્તાધિકારી (ઓથોરિટી), અપીલ ટ્રિબ્યુનલ અથવા કોઇ કોર્ટના ચુકાદા, હુકમનામા, હુકમ અથવા આદેશને પરિણામે વેરો રિફંડપાત્ર બને તેવા કિસ્સામાં, તેવા ચુકાદા, હુકમનામા, હુકમ અથવા આદેશની જાણ કર્યાની તારીખ;

(ચ) પેટા-કલમ (૩)ના પ્રથમ પરંતુકના ખંડ (૨) હેઠળ વણવપરાયેલી ઇનપુટ વેરા શાખના રિફંડના કિસ્સામાં, જે મુદતમાં આવા રિફંડ માટેનો દાવો ઊભો થાય તે (મુદત) માટે કલમ ૩૯ હેઠળ પત્રક રજૂ કરવા માટેની નિયત તારીખ;

(છ) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ કામચલાઉ રીતે વેરો ચૂકવવામાં આવ્યો હોય તે કિસ્સામાં, તેની અંતિમ આકારણી પછી વેરાના સરભરની તારીખ;

(જ) પુરવઠાકાર સિવાયની બીજી વ્યક્તિના કિસ્સામાં, એવી વ્યક્તિ દ્વારા માલ અથવા સેવા અથવા બન્ને પ્રાપ્ત કર્યાની તારીખ; અને

(ઝ) બીજા કોઇ કિસ્સામાં, વેરાની ચુકવણીની તારીખ.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૮.]

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭
વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી કનુભાઈ દેસાઈ,
નાણા મંત્રીશ્રી]

(સન ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની ૫-મી તારીખે
ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડ્યા,
સચિવ,
ગુજરાત વિધાનસભા.